# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 13/09/2025** **Morning : 7.10 to 7.20**
**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રિધ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

1. **ટેકાના ભાવે ખરીફ પાકોની ખરીદી માટેની નોંધણીની સમયમર્યાદા આગામી ૨૨ સપ્ટેમ્બર સુધી લંબાવાઈ.**
2. **આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારમાં તેમના સેવાદાયિત્વના ચાર વર્ષ પૂર્ણ થયા.**
3. **રાજ્યમાં ગુટકા તેમજ તમાકુ કે નિકોટીન યુક્ત પાન-મસાલા વેચાણ, સંગ્રહ અને વિતરણ પર વધુ એક વર્ષનો લંબાવાયેલા પ્રતિબંધનો આજથી અમલ.**
4. **રાજ્યમાંથી સુરેન્દ્રનગરમાંથી ગેરકાયદેસર રેતી ખનન અને જામનગરમાંથી નકલી ઘીનો જથ્થો પકડી પાડવામાં આવ્યો.**
5. **રાજ્યમાં આગામી 24 કલાક બાદ વરસાદનું જોર વધવાની આગાહી.**

---------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# KHARIF PAK KHARIDI

ટેકાના ભાવે ખરીફ પાકોની ખરીદી માટેની નોંધણીની સમયમર્યાદા આગામી તા. ૨૨ સપ્ટેમ્બર સુધી લંબાવાઈ છે. ખરીફ પાકોનું ટેકાના ભાવે વેચાણ કરવા ઈચ્છુક ખેડૂતો માટે નોંધણી ગત તા. ૧ સપ્ટેમ્બરથી શરુ કરવામાં આવી છે.

કૃષિ મંત્રી રાઘવજી પટેલે આ સંદર્ભે જણાવ્યું હતું કે, મગફળી પાકની ટેકાના ભાવે ખરીદી માટેની નોંધણી શરુ થયાના પ્રથમ દિવસે જ તકનીકી કારણોસર એક દિવસ માટે નોંધણી પ્રક્રિયા બંધ રહી હતી. આ ઉપરાંત ગત વર્ષની સરખામણીએ ચાલુ વર્ષે મગફળીનું વાવેતર પુષ્કળ થયું હોવાથી અનેક ખેડૂતો અને ખેડૂત સંગઠનો દ્વારા ઈ-સમૃદ્ધિ પોર્ટલ પર નોંધણીની સમય મર્યાદા લંબાવવા માટે રજૂઆતો કરવામાં આવી હતી.

કૃષિ મંત્રીશ્રીએ રાજ્યના ખેડૂતોને અનુરોધ કર્યો છે કે, ટેકાના ભાવે વેચાણ માટે ખેડૂતોએ કરાવેલી નોંધણીમાં દર્શાવેલા પાક અને સર્વે નંબરનું સેટેલાઈટ ઈમેજ આધારિત વેરીફીકેશન અને ડિજિટલ ક્રોપ સર્વે કરવામાં આવશે. જેથી ખેડૂત મિત્રોએ જે સર્વે નંબરમાં મગફળીનું વાવેતર કર્યું હોય, તે જ સર્વે નંબરની ઈ-સમૃધ્ધિ પોર્ટલ પર નોંધણી કરાવવાની રહેશે.

---

# CM-4 YEARS

આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારમાં તેમના સેવાદાયિત્વના ચાર વર્ષ પૂર્ણ થયા છે. આ ચાર વર્ષ સેવા-સમર્પણ, સુશાસન,

ઔદ્યોગિક વિકાસ અને નીતિ નિર્ધારણના રહ્યા છે. અવિરત, માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ ચાર વર્ષોમાં વિકાસનાં લાભ રાજ્યના જન-જન સુધી પહોંચે તે સુનિશ્ચિત કર્યું છે.

માનનીય મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં ગુજરાત આજે રિન્યુએબલ એનર્જી, સેમિકન્ડક્ટર, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) જેવા ઉભરતા ક્ષેત્રોમાં અગ્રેસર બનવાની દિશામાં ઝડપથી આગળ વધી રહ્યું છે. ગત ચાર વર્ષોમાં તેમના કાર્યકાળ દરમિયાન ગુજરાતે દરેક ક્ષેત્રે વિકાસ સાધ્યો છે, દરેક ક્ષેત્રે સિદ્ધિઓ હાંસલ કરી છે.

આ ચાર વર્ષો દરમિયાન મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મક્કમ અને નિર્ણાયક નેતૃત્વનું મજબૂત ઉદાહરણ આપ્યું છે.

---

# TOBACCO BAN

રાજ્ય સરકાર દ્વારા ગુજરાતમાં ગુટકા તેમજ તમાકુ કે નિકોટીન યુક્ત પાન-મસાલા વેચાણ, સંગ્રહ અને વિતરણ પર વધુ એક વર્ષનો આજથી પ્રતિબંધ લંબાવવામાં આવ્યો છે. રાજ્યમાં ગુટકા, તમાકુ કે નિકોટીન યુક્ત પાન-મસાલાના વેચાણ, સંગ્રહ અને વિતરણ ઉપર ફુડ સેફટી સ્ટાન્ડર્ડ એકટ-2006 અન્વયેના નિયમો તથા તેના રેગ્યુલેશન -2011 હેઠળ આજથી વધુ એક વર્ષ માટે પ્રતિબંધ મૂકાશે, તેમ ખાદ્ય સુરક્ષા કમિશનરની યાદીમાં જણાવાયું છે.

તેમાં વધુમાં જણાવાયું કે, કોઈ પણ ખાદ્યચીજમાં તમાકુ કે નિકોટીન ઉમેરવું એ પ્રતિબંધિત છે. આમ ગુટકામાં તમાકુ કે નિકોટીનની હાજરી હોવાથી માનવ આરોગ્યને ખૂબ જ હાનિ પહોચે છે. જેથી વર્તમાન તેમજ ભવિષ્યની પેઢીના સ્વાસ્થ્યને નુકસાનકારક ગુટકા પર કાયદા અન્વયે પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.

---

# KHANIJ CHORI

સુરેન્દ્રનગર જિલ્લાના મોરસલ ગામે નાયબ કલેકટરે ભોગાવો નદીમાંથી 7 કરોડ રૂપિયાથી વધુનુ ગેરકાયદે રેતી ખનન ઝડપ્યુ છે.

મોરસલ ગામે ચોટીલાના નાયબ કલેકટર એચ.ટી.મકવાણા અને તેમની ટીમે દરોડા પાડતા રેતી ખનન સાથે ગેરકાયદે વિજ જોડાણ પણ ઝડપી પાડ્યું છે. 16 ટ્રેક્ટર,5 ડમ્પર, એક જેસીબી સહિત બે લોકો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. આ અંગે વધુ માહિતી આપી રહ્યા છે નાયબ કલેકટર એચ.ટી. મકવાણા

**બાઈટ- એચ.ટી.મકવાણા- નાયબ કલેક્ટર- ચોટીલા**

---

# NAKLI GHEE

રાજ્યમાં વિવિધ સ્થળોએ દરોડા પાડી શુદ્ધ ઘીમાં ભેળસેળ કરી બનાવટી ઘી બનાવવાનો કાચો માલ સહિત કુલ રૂ.૧.૪ કરોડનો માલ જપ્ત કરાયો.

ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા, જામનગર ખાતેથી બનાવટી ઘી બનાવવાનો કાચો માલ જપ્ત કરાયો છે. ખોરાક અને ઔષધ નિયમન કમિશનર ડૉ. એચ. જી. કોશિયાએ જણાવ્યું હતું કે વધુ તપાસ થતા ભેળસેળિયા તત્વો દ્વારા મોટા ભાગે ઘીમાં ખાસ પ્રકારનું રિફાઇન્ડ પામ તેલ(RPO)ને મુખ્ય ઘટક તરીકે વાપરતાં હોવાનું ધ્યાનમાં આવ્યું છે. જેનું ટેક્સ્ચર તદ્દન ઘીને મળતું આવતું આવે છે .તપાસ કરતા તેનો છેડો ગાંધીધામ, કચ્છ ખાતેથી મળ્યો હતો. જેમાં શુદ્ધ ઘીમાં ભેળસેળ કરી બનાવટી ઘી બનાવ્યૂ છે.

**(બાઈટ – એચ.કે.કોશિયા)**

---

## IMD

રાજ્યમાં હવામાન વિભાગે આગામી 24 કલાક બાદ વરસાદનું જોર વધવાની આગાહી કરી છે. અને ખાસ કરીને દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની આગાહી છે. આજે રાજ્યમા વરસાદની કોઈ સંભાવના નથી.

આવતીકાલથી સુરત, ડાંગ, નવસારી, વલસાડ, તાપી અને દમણ, દાદરા અને નગર હવેલીમાં વિવિધ સ્થળોએ ભારે વરસાદની સંભાવનાને લઇને યેલો એલર્ટ આપવામાં આવ્યું છે. આ અંગે હવામાન ખાતાના નિયામક ડોક્ટર એ.કે.દાસે વધુ માહિતી આપી.

**( બાઈટ- ડો.એ.કે. દાસ, નિયામક , હવામાન ખાતા )**

---

## GST TEXTILE

કેન્દ્ર સરકારે વસ્તુ અને સેવા કર- GST દરમાં જાહેર કરાયેલી રાહતોને સમગ્ર રાજ્યમાં ખાસ કરીને, રાજ્યના કાપડ ઉદ્યોગકારોએ આવકારી છે. આકાશવાણી સાથે વાત કરતાં સુરતના વેપારી ધર્મેશ બેલડિયાએ કહ્યું કે, વિદેશોથી આવતા યંત્રો હવે સસ્તા થશે અને ગ્રાહકોને રાહત દરે કપડા પણ મળશે.

**(બાઇટ- ધર્મેશ બેલડિયા, સુરતના વેપારી)**

---

## GOVERNOR

**રાજયપાલ આચાર્ય દેવવ્રતને મહારાષ્ટ્રના રાજ્યપાલની વધારાની જવાબદારી સોંપાઈ છે.**

**સી.પી. રાધાકૃષ્ણન ઉપરાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા બાદ આચાર્ય દેવવ્રત મહારાષ્ટ્રના રાજ્યપાલની જવાબદારી નિભાવશે. સી.પી. રાધાકૃષ્ણને મહારાષ્ટ્રના રાજ્યપાલ પદેથી રાજીનામું આપ્યું છે. જેના કારણે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતને મહારાષ્ટ્રની વધારાની જવાબદારી સોંપી છે.**

---

## PARSHOTTAM SOLANKI - RAJUAT

મત્સ્યોદ્યોગ રાજ્યમંત્રી પરષોત્તમ સોલંકીએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પાકિસ્તાનની જેલમાં બંધ માછીમારોને મુક્ત કરાવવા રજૂઆત કરી છે. તેમણે જણાવ્યું, 194 માછીમાર અને એક હજાર 173 માછીમા રોની હોડી પાંચ વર્ષથી પણ વધુ સમયથી પાકિસ્તાનના કબજામાં છે. તેમને મુક્ત કરાવવા મત્સ્યોદ્યોગ વિભાગ મારફતે તમામ પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી છે. તેમજ ગૃહ અને વિદેશ મંત્રાલય સાથે સતત સંપર્કમાં છે.

મુખ્યમંત્રીએ મત્સ્યોદ્યોગ રાજ્યમંત્રી પાસેથી તમામ વિગત મેળવી ભારત સરકારમાં રજૂઆત કરવા જણાવ્યું છે. વધુમાં શ્રી પટેલે માછીમારો આંતર-રાષ્ટ્રીય દરિયાઈ સરહદ રેખા- IMBL ન ઓળંગે તે માટે વિનંતી કરી તેમજ તમામ માછીમારોને હોડીમાં રેડિઓ સંકેત મેળવવાનું ઉપકરણ - ટ્રાન્સફન્ડર લગાવવા અનુરોધ કર્યો છે.

---

# JIVAT NIYANTRAN

ખેડૂતોને દિવેલાના ઊભા પાકમાં ચુસિયા પ્રકારની જીવાતોના સંકલિત વ્યવસ્થાપન માટે લેવાના પગલાં અંગે રાજ્ય સરકારે માર્ગદર્શિકા જાહેર કરી

સમગ્ર રાજ્યના ખેડૂતોએ ચોમાસાની ઋતુમાં મોટા પ્રમાણમાં દિવેલાના પાકનું વાવેતર કર્યું છે. વાવેતર બાદ ઉગી નીકળેલા પાકોને રોગ-જીવાતથી સુરક્ષિત રાખવા ખેડૂતો દ્વારા પાક માવજત માટેના વિવિધ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. રાજ્ય સરકાર પણ રોગ-જીવાતથી પાકને થતા નુકશાનને અટકાવવા સરદાર કૃષિ યુનિવર્સિટીના તેલિબીયા સંશોધન કેન્દ્ર દ્વારા ખેડૂતોને મહત્વપૂર્ણ પગલાઓ સૂચવતી માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે.

જેમાં દિવેલાના ઊભા પાકમાં ચુસિયા પ્રકારની જીવાતોની હાજરી જાણવા માટે વાવણી બાદ એક મહિને પીળા ચીકણા પિંજર ૧૦ પ્રતિ હેક્ટરે લગાવવા જેથી સમયસર નિયંત્રણના પગલાં ભરી શકાય. આ ઉપરાંત

ચુસિયા પ્રકારની જીવાતોના જૈવિક નિયંત્રણ માટે લેકાનીસીલીયમ લિકાની અથવા બ્યુવેરીયા બેસિયાના ફુગનાશક પાવડર ૪૦ ગ્રામ પ્રતિ ૧૦ લીટર પાણીમાં ઉમેરી ઉપદ્રવ સમયે છંટકાવ કરવાની સૂચના છે.

---